પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૯૮ | ૯ જાન્યુઆરી, ૨૦૨૨, રવિવાર; પોષ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# પાંચ રાજ્યોમાં સાત તબક્કામાં મતદાન

## ચૂંટણી પંચની ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુર વિધાનસભા ચૂંટણીની જાહેરાત : આદર્શ આચારસંહિતા લાગુ થઈ ગઈ : ૧૦ માર્ચે મતગણતરી

નવી દિલ્હી, તા.૮

ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુર વિધાનસભા ચૂંટણી માટેનું બ્યુગલ વાગી ચુક્યું છે. કોરોનાના પડકાર, વધી રહેલા ઓમિક્રોનના જોખમ વચ્ચે ચૂંટણી પંચે ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરવા માટે પ્રેસ કોન્ફરન્સ યોજી અને આ સાથે જ આદર્શ આચારસંહિતા લાગુ થઈ ગઈ. મુખ્ય ચૂંટણી અધિકારી સુશીલ ચંદ્ર અન્ય ચૂંટણી અધિકારી રાજીવ કુમાર અને અનૂપ ચંદ્ર પાંડે સાથે વિજ્ઞાન ભવન પહોંચ્યા હતા અને નવી દિલ્હી સ્થિત વિજ્ઞાન ભવનમાં પ્રેસ કોન્ફરન્સની યોજાઈ હતી.

સીઈસી સુશીલ ચંદ્રએ પોતાના સંબોધનની શરૂઆતમાં જણાવ્યું કે, આ વખતે ૫ રાજ્યોના ૬૯૦ વિધાનસભા ક્ષેત્રો માટે ચૂંટણી થશે. ચૂંટણી પંચનો મુખ્ય ઉદ્દેશ્ય કોવિડ સેફ ઈલેક્શન કરાવવાનો છે અને કોરોના કાળમાં ચૂંટણી યોજવી તે એક પડકાર સમાન છે.

ઉત્તર પ્રદેશમાં ૧૦ ફેબ્રુઆરીના રોજ થશે પ્રથમ ફેઝનું મતદાન. ૧૦ માર્ચના રોજ પાંચેય રાજ્યની મતગણતરી થશે. પંજાબ, ગોવા અને ઉત્તરાખંડમાં એક જ ફેઝમાં થશે ચૂંટણી. ૧૪ ફેબ્રુઆરીએ પંજાબ, ગોવા અને ઉત્તરાખંડમાં મતદાન થશે. ઉત્તર પ્રદેશમાં કુલ ૭ તબક્કામાં મતદાન યોજાશે. સીઈસી સુશીલ ચંદ્રએ જણાવ્યું કે, ૫ રાજ્યોની ચૂંટણીમાં કુલ ૧૮.૩૪ કરોડ મતદારો છે જેમાં સર્વિસ મતદારોનો પણ સમાવેશ થાય છે. તેમાં ૮.૫૫ કરોડ મતદારો મહિલા છે. જ્યારે કુલ ૨૪.૯ લાખ મતદારો પોતાના મતાધિકારનો પ્રથમ વખત પ્રયોગ કરશે. તેમાં ૧૧.૪ લાખ યુવતીઓ પ્રથમ વખત મતદાર બની છે. તમામ બૂથ ગ્રાઉન્ડ ફ્લોર પર હશે જેથી લોકોને સુવિધા રહે. બૂથ પર સેનિટાઈઝર, માસ્કની વ્યવસ્થા રાખવામાં આવશે.

## દેશમાં કોરોનાના દૈનિક ૧.૪૧ લાખથી વધુ કેસ

નવી દિલ્હી,તા.૮

ભારતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧.૪૧ લાખથી વધુ કેસ નોંધાયા છે. ગઈ કાલે ૧,૧૭,૧૦૦ નવા કેસ નોંધાયા હતા. જેને જોતા ૨૨ ટકાનો તોતિંગ વધારો નોંધાયો છે. ૨૮ ડિસેમ્બરે કોરોનાના ૬,૩૫૮ કેસ નોંધાયા હતા. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧,૪૧,૯૮૬ કેસ નોંધાયા છે. એક દિવસમાં ૪૦,૮૯૫ દર્દીઓ રિકવર પણ થયા છે. આ સાથે અત્યાર સુધીમાં ૩,૪૪,૧૨,૭૪૦ દર્દીઓએ કોરોનાને માત આપવામાં સફળતા મેળવી છે. હાલ દેશમાં ૪,૭૨,૧૬૯ દર્દીઓ સારવાર હેઠળ છે. એક દિવસમાં કોરોનાથી ૨૮૫ દર્દીઓના મોત થયા છે. આ સાથે કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો હવે ૪,૮૩,૧૭૮ પર પહોંચ્યો છે. હાલ દેશમાં ડેઈલી પોઝિટિવિટી રેટ ૯.૨૮% થયો છે.

રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કોરોના રસીના ૧૫૦.૦૬ કરોડ ડોઝ અપાયા છે. કોરોનાથી એક દિવસમાં ૪૦,૮૯૫ દર્દીઓ રિકવર પણ થયા છે. આ સાથે અત્યાર સુધીમાં ૩,૪૪,૧૨,૭૪૦ દર્દીઓએ કોરોનાને માત આપવામાં સફળતા મેળવી છે. હાલ દેશમાં કોરોનાથી રિકવરી રેટ ૯૭.૩૦ થયો છે.

## ભારતમાં ત્રીજી લહેરમાં રોજના ૩૦ લાખ કેસ આવે તેવું અનુમાન

### ભારતમાં ઓમિક્રોન ચેપ દક્ષિણ આફ્રિકાની જેમ ફેલાયો તો દરરોજ ૭,૪૦,૦૦૦ કેસો આવી શકે તેવો અંદાજ

નવી દિલ્હી, તા.૮

ભારતમાં કોરોના વાયરસની ત્રીજી લહેર દરમિયાન દરરોજ ૩૦ લાખ કેસ આવી શકે છે. અમેરિકન ફર્મ નોમુરાનું આ ડરામણું અનુમાન છે. ફાઈનાન્શિયલ સર્વિસિસ ફર્મે શુક્રવારે એક નોંધમાં ઓમિક્રોનના કારણે ભારતમાં ત્રીજી લહેરની સાથે સંબંધિત અંદાજો જાહેર કર્યા હતા. નોમુરાના જણાવ્યા અનુસાર જો ઓમિક્રોન અમેરિકાની જેમ ભારતમાં ફેલાય છે તો પીક દરમિયાન દરરોજ ૩૦ લાખ કેસ નોંધાઈ શકે છે. ફર્મે ચેતવણી આપતા કહ્યું કે ઓમિક્રોનના કારણે ભારતની આરોગ્ય વ્યવસ્થા પડી ભાંગી શકે છે.

જો ભારતમાં ઓમિક્રોન ચેપ દક્ષિણ આફ્રિકાની જેમ ફેલાયો તો દરરોજ ૭૪૦,૦૦૦ કેસોનો અંદાજ છે. નોમુરાએ ચેતવણી

● અનુસંધાન પાન-૭ પર


**મારૂતિ સોફા**
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા


### શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર

**સામાન્ય સભા મોકુફ**

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા ૨૫મી ડિસેમ્બરની-૨૦૨૧ની જાહેરાત મુજબ તા. ૯/૧/૨૦૨૨ને રવિવારે સવારે ૧૦-૦૦ વાગે યોજાનાર હતી, જે આજે મળેલી તાકિદની કારોબારી બેઠકમાં કરાયેલ નિર્ણય મુજબ પ્રવર્તમાન પરિસ્થિતિમાં સરકારની ગાઈડલાઈન અન્વયે મોકુફ રખાઈ છે. જેની સૌ આજીવન સભ્યોને નોંધ લેવા વિનંતી છે.

| પિનાકીન રાવલ | નરેશ દવે | નરેન્દ્ર વ્યાસ |
|---|---|---|
| પ્રમુખ | મહામંત્રી | ખજાનચી |




ફ્લેટ (3 to 6 BHK)
ડુપ્લેક્ષ, ટેનામેન્ટ માટે ઈન્ટીરીયર
પ્લોટીંગ સ્કીમમાં ફાર્મ હાઉસ
ડેવલોપીંગ માટે પ્લોટ હોલ્ડર્સ આવકાર્ય
વિકેન્ડ હોમ | વિલા | બંગલોઝ
પ્લોટમાં ફાર્મ હાઉસ
(કન્સ્ટ્રક્શન અને ઈન્ટીરીયર)
ELEGANCE INTERIORS
78746 87506
eleganceinteriors9@gmail.com



**મેડીક્લેમ**

એક એવો પ્લાન કે તમે ભાગ્યે જ સાંભળ્યો હશે કે માર્કેટમાં એવી પણ મેડિકલ પોલીસી છે જેમાં દરેક ઉંમરમાં પ્રિમિયમ એક જ સરખું આવે છે... કોઈપણ ઉંમરમાં પ્રિમિયમ વધશે નહિ

- લાઈફટાઈમ ફિક્સ પ્રિમીયમ
- ઉંમર - ૧૮ થી ૬૫ વર્ષ
- રૂમ રેંટ અને આઈ.સી.યુ. કોઈ લિમીટ નહિ
- કેશલેશ
- પોર્ટેબિલીટી મળવાપાત્ર
- ઉંમર ૯૦ દિવસથી ૬૫ વર્ષ
- પતિ-પત્ની તથા બે બાળકોનો સમાવેશ મેડીક્લેમ રૂ. ૧૦,૫૦૨/- જી.એસ.ટી.સાથે

**કોરોના પ્રોટેક્શન પ્લાન**

- વિમારાશી - ૩ / ૪ / ૫ લાખ
- ઉંમર - ૦ થી ૬૦ વર્ષ
- હોમકેર ટ્રિટમેન્ટ - ૧૦,૦૦૦ સુધી
- પોલિસી પિરિયડ - ૧ વર્ષ
- પ્રિમીયમ : પ્રતિદિન અંદાજે - ૭.૯૦

કોન્ટેક્ટ
પ્રતિકાંત પટેલ
Mo.9662021938



aashka HOSPITAL

NABH ACCREDITED — PATIENT SAFETY & QUALITY OF CARE

શ્રેષ્ઠ સારવાર, વ્યાજબી ભાવ, અધતન ટેકનોલોજી તથા ઇન્ફ્રાસ્ટ્રકચર, અત્યાધુનિક સાધનો અને અનુભવી ડૉક્ટર્સની ટીમ સાથે સજ્જ



200 બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ



6-CLASS 100 ઓપરેશન થિયેટર



56-CLASS 100,000 આઈ.સી.યુ. બેડ



ટ્રોમા અને ઇમરજન્સી માટે નિષ્ણાંત ડોક્ટર્સ ચોવીસ કલાક ઉપલબ્ધ

24X7 તમામ મેડિકલ સારવાર અને ઈમરજન્સી સેવાઓ ૨૪ કલાક ઉપલબ્ધ




સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તા વચ્ચે, સરગાસણ, ગાંધીનગર - 382421, ગુજરાત, ભારત

ઈમરજન્સી કોન્ટેક્ટ
75750 07707 / 98797 52777

પેશન્ટ કો ઓર્ડિનેટર
75750 07717 / 75750 07724

aashkahospitals | aashkahospitalsltd

www.aashkahospitals.in